જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૩૧/૨૦૨૬

તા.૨૨/૯/૨૦૨૬

હું, અનુપમ સિંહ ગહલોત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૨૫/૯/૨૦૨૬ ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૫/૯/૨૦૨૬ ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે તમામ પ્રકારના વાહનો (શ્રી ગણેશ વિસર્જન પ્રોસેશન સિવાયના) બપોર કલાક ૧૩.૦૦ વાગ્યાથી નીચે મુજબ પ્રતિબંધિત કરેલ માર્ગ/વિસ્તારના રસ્તા પર અવર-જવર કરી શકશે નહી પરંતુ તેની સામે જણાવેલ વૈકલ્પિક રુટ પરથી અવર-જવર કરી શકાશે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ ઉપર થઇ સરદારબ્રીજ થઇ પાલડી તરફ આવ-જા કરી શકાશે નહી.	એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ નીચે (ચાર રસ્તા) થી ડાબી બાજુ બહેરામપુરાથી દાણિલીમડા ચાર રસ્તા થઇ જમણીબાજુ વળી આંબેડકર બ્રીજ થઇ અંજલી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા થઇ આશ્રમ રોડ ઉપર અવર જવર કરી શકાશે.
૨.	એસ.ટી. (ગીતામંદીર) થી રાયપુર ચાર રસ્તા થઇ સારંગપુર સર્કલથી રેલ્વે સ્ટેશનથી કાલુપુર ઇનગેટ તરફ આવ-જા કરી શકાશે નહી.	એસ.ટી.થી ભુલાભાઇ ચાર રસ્તા થી કાંકરીયા ચોકી થઇ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઇ ઝઘડિયા ઓવરબ્રિજ થઇ અનુપમ સિનેમા થઇ ગોમતીપુર રેલ્વે કોલોની થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ સરસપુર આંબેડકર હોલ થઇ કાલુપુર બ્રીજ થઇ રેલ્વે સ્ટેશન ઇનગેટ તથા નરોડા તરફ અવર જવર કરી શકાશે.
૩.	કાલુપુર રેલ્વે સ્ટેશનથી સારંગપુર સર્કલ થઇ કાગડાપીઠથી રાયપુર ચાર રસ્તાથી આસ્ટોડીયા દરવાજાથી ખમાસા ચાર રસ્તાથી વિકટોરીયા ગાર્ડનથી એલીસબ્રીજ થી ટાઉનહોલ સર્કલ સુધી આવ-જા કરી શકાશે નહી.	કાલુપુર રેલ્વે સ્ટેશન થઇ કાલુપુર સર્કલ થઇ કાલુપુર બ્રીજ થઇ આંબેડકર હોલ થઇ માણેકલાલ મિલ થઇ કાળીદાસ ચાર રસ્તા થઇ ગોમતીપુર રેલ્વે કોલોની થઇ અનુપમ સિનેમા થઇ ગાયત્રી ડેરી થઇ ઝઘડિયાબ્રિજ થઇ અપ્સરા સિનેમા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી દાણિલીમડા ચાર રસ્તાથી સીધા આંબેડકર બ્રીજ થઇ અંજલી સર્કલથી પાલડી થઇ આશ્રમ રોડ ઉપર અવર જવર કરી શકાશે.
૪.	રખિયાલ ચાર રસ્તાથી કાળીદાસ ચાર રસ્તાથી ચારતોળા કબ્રસ્તાન થઇ ચતુરસિંગ ની ચાલી (ડબ્બા બજાર) થઇ સરસપુર ITI ચાર રસ્તા થઇ ગુરુદ્વારા ચાર	રખિયાલ ચાર રસ્તા થઇ ગરીબ નગર ચાર રસ્તા થઇ મેમ્કો ચાર રસ્તા થઇ નરોડા ફ્રૂટ માર્કેટ થઇ કાલુપુર બ્રિજ તરફ અવર જવર કરી શકાશે.

	રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	
૫.	**(એ)** દિલ્હી દરવાજાથી નમસ્તે સર્કલથી ટ્રાફિક ભવન (જુની પોલીસ કમિશનરશ્રીની કચેરી) થી કેન્દ્રીય વિદ્યાલય કટથી ડાબી બાજુ વળી તાવડીપુરા પોલીસ લાઇનથી દધિચિ બ્રીજ સુધીનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. **(બી)** દિલ્હી દરવાજાથી લીમડા ચોકથી લીથો પ્રેસથી હનુમાનપુરા કટથી દધિચી બ્રીજ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	**(એ)** દિલ્હી દરવાજાથી દરીયાપુર સર્કલથી ઇદગાહ સર્કલથી અસારવા બ્રીજનો ઉપયોગ કરી ડાબી બાજુ થઇ બળીયા લીમડી ચાર રસ્તા થી ડાબી બાજુ થઇ ગીરધરનગર સર્કલથી મહારાજ પ્રફ્નાસ્વામી બ્રીજ નીચેથી અંડરબ્રીજ સર્કલ થી અવર જવર કરી શકાશે. **(બી)** દિલ્હી દરવાજાથી શાહપુર ચાર રસ્તાથી શંકરભુવન ટી થી ગાંધીબ્રીજથી ઇન્કમટેક્ષથી અવર જવર કરી શકાશે.
૬.	**<u>રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ:</u>** વાડજ સ્મશાન ગૃહ કટથી શરુ થતો પશ્ચિમનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટનો જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.	**<u>વૈકલ્પિક માર્ગ: (આશ્રમ રોડ)</u>** વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ ઓવર બ્રીજ મધ્ય ભાગ થઇ બાટા શો રૂમ ચાર રસ્તા થઇ ડિલાઇટ ચાર રસ્તા થઇ નહેરુબ્રીજ ચાર રસ્તા થઇ ટાઉન હોલ ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ અંજલી ઓવર બ્રીજ મધ્ય ભાગ થઇ અવર જવર કરી શકાશે.
૭.	**<u>રિવરફ્રન્ટનો પુર્વ માર્ગ :</u>** પીકનીક હાઉસ રિવરફ્રન્ટથી શરુ થતો પુર્વનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટનો જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.	ડફનાળા ચાર રસ્તા થઇ શાહીબાગ અંડરબ્રીજ થઇ નમસ્તે સર્કલ થઇ દિલ્હી દરવાજા થઇ મિરઝાપુર રોડ થઇ વીજળીઘર તેમજ લાલ દરવાજા રોડનો અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે.

તેમજ ઉપર્યુક્ત પ્રતિબંધિત કરેલ તથા ટ્રાફિક માટે ડાયવર્ટ કરેલ તમામ માર્ગો ઉપર કોઇપણ પ્રકારનું વાહન પાર્કિંગ કરી શકાશે નહી. જેથી ઉક્ત તમામ માર્ગો **'નો-પાર્કિંગ ઝોન'** તરીકે જાહેર કરવામાં આવે છે.

અપવાદ : પોલીસ વિભાગની પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **<u>તા.૨૫/૯/૨૦૨૬ ના બપોર કલાક ૧૩.૦૦ થી શ્રી ગણેશ વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી</u>** જરૂરીયાત મુજબ પોલીસ દ્વારા અમલવારી કરાવવામાં આવે ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૨/૯/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૨/૯/૨૦૨૬
અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં–૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર–૧,સેકટર–૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.